# મા–બાપ
# અને
# અવલાદના
# આપસી સંબંધો

કિતાબનું નામ : મા-બાપ અને અવલાદના આપસી સંબંધો

પ્રકાશનનું વર્ષ : ઝિલ્કદહ, હી.સ. ૧૪૩૬,
સપ્ટેમ્બર-૨૦૧૫

પ્રકાશક : એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)
પો.બોક્સ નં. ૧૯૮૨૨
મુંબઇ - ૪૦૦ ૦૫૦

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | મા-બાપ અને અવલાદના આપસી સંબંધો | ૫ |
| ૨ | શ્રેષ્ઠ સમય | ૭ |
| ૩ | મા-બાપ સાથે નેકીની અમૂક અસરો | ૮ |
| | ૧) અલ્લાહની ખુશ્નુદી | ૮ |
| | ૨) રહેમતનું નાઝીલ થવું | ૮ |
| | ૩) જન્નતના સૌથી ઉચ્ચ દરજ્જાઓ | ૮ |
| | ૪) અર્શે ઈલાહીનો છાંયામાં | ૯ |
| | ૫) શીઆની નિશાની | ૯ |
| ૪ | માતા | ૯ |
| ૫ | પિતા | ૧૨ |
| ૬ | સેવાનો સિલસિલો જારી રહેવો જોઈએ | ૧૫ |
| ૭ | સંબંધો કાપી નાખવા | ૧૬ |
| ૮ | મા-બાપને ઈઝા પહોંચાડવાની અસરો | ૧૮ |
| ૯ | મા-બાપ માટે અવલાદની દોઆ | ૧૯ |
| ૧૦ | અવલાદ | ૨૫ |
| ૧૧ | તંદુરસ્તી અને તરબીયત | ૨૭ |
| ૧૨ | જાતીય તરબીયત | ૨૭ |
| ૧૩ | બીમારીઓથી રક્ષણ | ૨૭ |
| ૧૪ | સફાઈ | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૫ | સાતમાં દિવસે ખત્ના કરો | ૨૯ |
| ૧૬ | રૂહાની તરબીયત | ૨૯ |
| ૧૭ | ખોરાક | ૩૦ |
| ૧૮ | દુધ પીવડાવવાનો સવાબ | ૩૦ |
| ૧૯ | તઅલીમ અને તરબીયત | ૩૧ |
| ૨૦ | કુરઆનની તઅલીમનો સવાબ | ૩૧ |
| ૨૧ | તઅલીમ અને તરબીયતથી ગફલતનું પરિણામ | ૩૨ |
| ૨૨ | સામાજીક અને સુરક્ષાની તઅલીમ | ૩૩ |
| ૨૩ | મોહબ્બતથી વર્તવું | ૩૩ |
| ૨૪ | મોહબ્બત ન કરવાનું પરિણામ | ૩૪ |
| ૨૫ | અવલાદનો એહતેરામ | ૩૫ |
| ૨૬ | સહીહ નામ રાખવું | ૩૬ |
| ૨૭ | પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નું નામ રાખો | ૩૬ |
| ૨૮ | શાદી | ૩૬ |
| ૨૯ | અવલાદને સહકાર | ૩૭ |
| ૩૦ | સમાનતાનું વર્તન | ૩૭ |
| ૩૧ | દીકરીઓને અગ્રીમતા આપો | ૩૮ |
| ૩૨ | મા-બાપની અવલાદ માટે દોઆ | ૩૯ |

# મા-બાપ અને અવલાદના આપસી સંબંધો

મા-બાપની સાથે સારો વર્તાવ અને શ્રેષ્ઠ રીતે વર્તણુંક, અદબ અને એહતેરામથી વર્તવાની એટલી હદે એહમીયત છે કે તેઓનું મુશ્રીક અને કાફીર હોવું પણ રૂકાવટ નથી. તેઓની શાનમાં જરા બરાબર પણ બેઅદબી અને સખ્તાઈ ઈસ્લામને બરદાશ્ત નથી. જીવનમાં તથા મૃત્યુ બાદ પણ તેઓ સાથે નેક વર્તાવ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે, બલ્કે તેને નમાઝ, રોઝા અને હજની બરાબર ગણવામાં આવ્યો છે. પવિત્ર ધર્મ ઈસ્લામમાં મા-બાપનો શુક્રીયા અદા કરવો અલ્લાહનો શુક્ર અદા કરવાની સાથે વર્ણવવામાં આવ્યો છે.

(સુરએ લુકમાન ૩૧:૧૪)

*૧) "તમારા પરવરદિગારે એ ઈરાદો કરી લીધો છે કે તેની સિવાય બીજા કોઈની હરગીઝ ઈબાદત ન કરો અને પોતાના મા-બાપ સાથે નેક વર્તણુંક કરો અને અગર તેઓમાંથી એક અથવા બન્ને વૃધ્ધ થઈ જાય તો તેઓની સામે 'ઉફ' પણ ન કરો. બેઅદબી અને બદતમીઝી ન કરો, બલ્કે તેઓની સાથે ઈઝઝત અને એહતેરામથી વાત કરો."*

(સુરએ બની ઈસરાઈલ ૧૭:૨૩)

*૨) "જ્યારે તેઓની ખિદમતમાં જાવ તો તમારા શાનાઓને વિનમ્રતા અને ઝિલ્લતની સાથે જુકાવી દો અને અલ્લાહની બારગાહમાં આ દોઆ કરોઃ 'ખુદાયા! જે રીતે તેઓએ મારા બાળપણમાં મારા ઉપર રહેમ કર્યો તું પણ તેઓ ઉપર રહેમ વ કરમ ફરમાવ."*

(સુરએ બની ઈસરાઈલ ૧૭:૨૪)

મા-બાપની ઈતાઅતના અત્યંત મહત્ત્વની સાથો સાથ કુરઆને કરીમે આ હકીકત તરફ પણ ધ્યાન દોર્યું છે.

*"અગર તમારા મા-બાપ એ વાતની કોશિશ કરે અને એ વાતનો હુકમ આપે જેનું તમને ઈલ્મ ન હોય અને કોઈને મારા શરીક બનાવે તો હરગીઝ તેઓની ઈતાઅત ન કરતા પરંતુ દુનિયામાં તેઓની સાથે સારો વર્તાવ કરો."*

(સુરએ લુકમાન ૩૧:૧૫)

મા-બાપની ઈતાઅતની હદો ફકત ત્યાં સુધી છે જ્યાં સુધી અલ્લાહની નાફરમાની ન હોય. અલ્લાહની નાફરમાનીમાં મા-બાપની ઈતાઅત નથી.

મન્સુર બીન હાઝીમે હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને પુછયું: 'સૌથી શ્રેષ્ઠ અમલ કયો છે?'

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'સમયની પાબંદી સાથે નમાઝ અદા કરવી, મા-બાપ સાથે શ્રેષ્ઠ વર્તણુંક કરવી અને અલ્લાહની રાહમાં જેહાદ કરવી.'*

(કાફી, ભાગ-૨, પાના નં. ૧૦૮)

અવ્વલ સમયે નમાઝ અને અલ્લાહની રાહમાં જેહાદની સાથે મા-બાપ સાથે સારો વર્તાવના વર્ણનથી આ સારા વર્તાવના મહત્ત્વનો અંદાજો લગાવી શકાય છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'અલ્લાહે ૩ વસ્તુઓમાં કોઈને પણ છૂટ નથી આપી.*

*૧) અમાનતને અદા કરવી, ચાહે અમાનત રખાવવાવાળો નેક હોય કે ગુનેહગાર.*

*૨) વાયદાનું પાલન, ચાહે નેક લોકો સાથે વાયદો કર્યો હોય કે ગુનેહગાર સાથે.*

*૩) મા-બાપ સાથે નેકી, ચાહે તેઓ નેક હોય કે ગુનેહગાર.'*

(કાફી, ભાગ-૨, પાના નં. ૧૬૨)

મા-બાપ સાથે સારી વર્તણુંક ફકત આ દુન્યવી ઝીંદગી સુધી જ સિમિત નથી. બલ્કે આ દુનિયાથી રૂખ્સત થઈ જવા પછી પણ આ સિલસિલો ચાલુ રહે છે. હઝરત પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જે શખ્સ પોતાના મા-બાપની મૌત પછી તેઓના હકમાં નેકી કરશે તો તે મયદાને કયામતમાં નેક લોકોનો સરદાર હશે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૧, પા. ૮૬)

## શ્રેષ્ઠ સમય:

મા-બાપ સાથે નેકી કરવાનો કોઈ ખાસ સમય નક્કી નથી. પરંતુ અમૂક પ્રસંગોએ નેકી કરવાનો સવાબ વધારે છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જે શખ્સ જુમ્આના દિવસે પોતાના મા-બાપની કબ્રની ઝિયારત કરે તેને બખ્શી દેવામાં આવશે અને નેક લોકોમાં તેની ગણત્રી કરવામાં આવશે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૬, પા. ૩૫૯)

## મા-બાપ સાથે નેકીની અમૂક અસરોઃ

### ૧) અલ્લાહની ખુશ્નુદીઃ

રિવાયતમાં છે અલ્લાહ તઆલા એ લવ્હે મહેફુઝ ઉપર જે સૌથી પહેલું વાકય લખ્યું તે આ હતુંઃ

*'મારા સિવાય કોઈ મઅબુદ નથી અને જેનાથી તેના મા-બાપ ખુશ હોય તેનાથી હું ખુશ છું.'*

(મુસ્તદરકુલ વસાએલ, ભાગ-૧૫, પા. ૧૭૬)

### ૨) રહેમતનું નાઝીલ થવુંઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'ચાર મૌકાઓ ઉપર આસમાની રહેમતના દરવાજાઓ ખુલી જાય છે. વરસાદના સમયે, જ્યારે અવલાદ પોતાના મા-બાપના ચહેરાની ઝિયારત કરે છે, જ્યારે ખાનએ કાઅબાનો દરવાજો ખુલે છે અને નિકાહના સમયે.'*

(જામેઉલ અખબાર, પા. ૧૦૧)

### ૩) જન્નતના સૌથી ઉચ્ચ દરજ્જાઓઃ

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'જે મોઅમીનમાં આ ચાર ખુબીઓ જોવા મળે તો અલ્લાહ તેને અઅલા ઈલ્લીય્યીનમાં ઉચ્ચ દરજ્જામાં જગ્યા અતા કરશે અને આ દરજ્જાઓ શરાફત અને બુઝુર્ગીમાં ઉચ્ચ હશે. જે પોતાના મા-બાપ ઉપર ખર્ચ કરે, તેઓની સાથે લાગણી અને મોહબ્બતની સાથે વર્તે, તેઓની સાથે નેકી કરે અને તેઓને દુઃખી ન કરે.'*

(આમાલીએ શેખે મુફીદ, પા. ૧૬૭)

## ૪) અર્શે ઈલાહીના છાંયામાં:

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની રિવાયત છે કે એક દિવસ અલ્લાહની બારગાહમાં મુનાજાત દરમ્યાન જ. મુસા (અ.સ.) એ એક શખ્સને અર્શે ઈલાહીના છાંયામાં જોયા તો ફરમાવ્યું: કોના ઉપર તારા અર્શે છાંયો કર્યો છે?

અલ્લાહ તરફથી જવાબ મળ્યો:

***'તે પોતાના મા-બાપ સાથે નેક વર્તાવ કરતો હતો અને ચુગલખોરી કરતો ન હતો.'***

(આમાલીએ સદુક, પા. ૧૮૦)

## ૫) શીઆની નિશાની:

ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ જાબીરને ફરમાવ્યું:

***'અય જાબીર (અ.ર.)! અમારા શીઆઓ આ વાતોથી ઓળખાય છે: તકવા અને પરહેઝગારી... અને મા-બાપ સાથે નેક વર્તાવ.'***

(કાફી, ભાગ-૩, પા. ૭૪)

આ વાકયોથી બિલ્કુલ સ્પષ્ટ થઈ જાય છે કે મા-બાપનો એહતેરામ અને તેઓ સાથે નેક વર્તાવ કેટલું મહત્ત્વનું છે અને દુનિયા તથા આખેરતમાં તેની શું અસરો છે. મા અવલાદની તરબીયતમાં વધારે તકલીફ ઉપાડે છે એટલા માટે મા નો દરજજો વધારે ઉચ્ચ છે.

## માતા:

મા ઔલાદ માટે બાપથી વધારે તકલીફ અને મહેનત ઉપાડે છે એટલા માટે ખુદાવંદે આલમે મા નો દરજજો વધારે ઉચ્ચ રાખ્યો છે. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે:

*'તમારી માનો એ હક છે, તેણીએ એવી રીતે તને પેટમાં રાખ્યો જેવી રીતે બીજું કોઈ નથી રાખી શકતું. તેણીએ પોતાના દીલના ટુકડાઓ એવી રીતે અતા કર્યા જેવી રીતે બીજું કોઈ નથી આપી શકતું. તેણીએ પોતાના સંપૂર્ણ અસ્તિત્વથી તારી હિફાઝત કરી. તેણીને એ વાતનો જરા પણ અફસોસ નથી કે તેણી ભુખી રહે અને તું ભરપેટ સયરાબ થયેલ હોય, પોતે પ્યાસી રહે અને તું સયરાબ હો, તેણીના શરીર ઉપર લીબાસ ન હોય પરંતુ તું લીબાસ વગર ન હો, પોતે તડકામાં રહે પરંતુ તને છાયાંમાં રાખે, તારા માટે રાત્રીઓ જાગે અને તને ગરમી અને ઠંડીથી બચાવે. જુઓ અલ્લાહની ઈનાયતો અને તૌફીક વગર તમે તેણીનો શુક્ર અદા નથી કરી શકતા.*

(રિસાલતુલ હુકુક)

પવિત્ર દીને ઈસ્લામે મા ને એટલો ઉચ્ચ દરજ્જો અતા કર્યો છે કે અગર તમે મુસ્તહબ નમાઝ પઢી રહ્યા હો અને મા અવાજ આપે તો અલ્લાહની ઈબાદત છોડીને મા ની અવાજ ઉપર લબ્બૈક કહો.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'અગર મુસ્તહબ નમાઝ પઢી રહ્યા હો અને બાપ અવાજ આપે તો નમાઝ ન તોડો પરંતુ અગર મા અવાજ આપે તો જરૂર જવાબ આપો.'*

(વસાએલ, ભાગ-૧૫, પા. ૧૮૧)

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે: જ. મુસા (અ.સ.) એ ત્રણ વાર અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી.

પરવરદિગાર મને નસીહત ફરમાવ! અલ્લાહ તઆલા એ ત્રણેયવાર ફરમાવ્યુંઃ

*'મારો ખયાલ રાખો.'*

ત્યારબાદ જ. મુસા (અ.સ.) એ ફરી નસીહતની દરખાસ્ત કરી. ખુદાવંદે આલમે ફરમાવ્યુંઃ

*'પોતાની માતાનો ખયાલ રાખો.'*

ત્યારબાદ જ. મુસા (અ.સ.) એ ફરી એક વાર નસીહતની દરખાસ્ત કરી કે ખુદાવંદે આલમે ફરમાવ્યુંઃ

*'તમારા પિતાનો ખયાલ રાખો.'*

હઝરત ઈમામ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*એટલા માટે માતાનો હક બે તૃતીયાંશ અને પિતાનો હક એક તૃતીયાંશ છે.'*

(આમાલીએ સદુક, પા. ૫૧૧)

આ હદીસમાં જ. મુસા (અ.સ.)ને પોતાની માતાનો વધારે ખયાલ રાખવાની નસીહત એટલા માટે પણ હોઈ શકે છે કે જ. મુસા (અ.સ.)ની મા ની ખિદમતનું વર્ણન કુરઆને મજીદમાં મૌજુદ છે. તેમની કુરબાનીઓ બેમીસાલ છે.

હઝરત ઈમામ અલી બીન મુસા અર્રેઝા (અ.સ.) એ મા ના હક્કોના બારામાં આ રીતે ઈરશાદ ફરમાવ્યુંઃ

*'મા ના હક્કો સૌથી વધારે લાઝીમ અને વાજીબ હક્કોમાંથી છે. તેણીએ ત્યાં તમને રાખ્યા જ્યાં કોઈ બીજુ નથી રાખી શકતું. તેણેએ કાન, આંખ અને બધા અંગોપાંગોથી તમારી હિફાઝત કરી. તેણી આ સેવા કરીને*

*ખુશ થતી હતી. તેણીએ પોતાના ફરઝંદ માટે એવી સખ્તીઓ સહન કરી જેવી બીજું કોઈ સહન નથી કરી શકતું. ખુદ ભુખી રહી પરંતુ બચ્ચાને ખવાડવ્યું, ખુદ તરસી રહી પરંતુ બચ્ચાને સયરાબ કર્યું, ખુદ લીબાસ વગર રહી પરંતુ બચ્ચાને કપડા પહેરાવ્યા. પોતે તડકામાં રહી પરંતુ બચ્ચાને છાંયામાં રાખ્યું. એટલા માટે લાઝીમ અને જરૂરી છે કે તેની સેવાઓ, તકલીફો અને કુરબાનીઓને ધ્યાનમાં રાખીને તેણીની સાથે નેક વર્તાવ કરવામાં આવે. જો કે તમે મા ની એક સામાન્ય ખિદમતનો પણ શુક્ર અદા નથી કરી શકતા સિવાયકે ખુદાવંદે આલમની ઈનાયતો અને તવફીક તમને મળી જાય. જેણે પોતાના શુક્રીયાની સાથો સાથ તેણીનો પણ શુક્રીયા અદા કરવાનો હુકમ આપ્યો છે.*

કુરઆને કરીમ ફરમાવે છે:

اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ ؕ اِلَيَّ الْمَصِيْرُ ﴿١٤﴾

*"મારો શુક્ર અદા કરો અને પોતાના મા-બાપનો શુક્રીયા અદા કરો. બધાનું પાછું ફરવું મારી તરફજ છે."*

(ફીકહે રેઝા, પા. ૩૩૪)

એટલે એવું નથી કે બસ આ એક હુકમ અને ભલામણ છે અને તેના વિષે કોઈ હિસાબ કિતાબ નહી થાય. તમારૂં બધાનું પાછું ફરવું મારી તરફ જ છે. બધાનો હાલ પુછવામાં આવશે.

## પિતાઃ

પિતાનો હક પણ કંઈ ઓછો નથી. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'અલ્લાહ બાપની ખુશ્નુદીથી ખુશ થાય છે અને બાપની નારાઝગીથી નારાઝ થાય છે.'*

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) એ બાપના હક્કો આ રીતે વર્ણવ્યા છેઃ

*'બાપનો એ હક છે કે એ તમારૂ મૂળ છે અને તમે તેની ડાળી છો અને જો તે ન હોત તો તમે પણ ન હોત. જ્યારે તમને કોઈ ખુશી કે કામીયાબીનો આનંદ નસીબ થાય તો એ જાણી લો કે તેનૂં મૂળ તમારા પિતા છે અને આ મહાન નેઅમતના કારણે અલ્લાહની પ્રશંસા અને તેનો શુક્ર અદા કરો.'*

(તોહફુલ ઓકુલ, પા. ૨૬૩)

હઝરત ઈમામ અલી બીન મુસા અર્‌રેઝા (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'પિતાની ઈતાઅત કરવી તમારી જવાબદારી છે. તવાઝોઅ અને વિનમ્રતા, રહેમ અને માયાળુપણા, અદબ અને એહતેરામથી વર્તવું લાઝીમ છે. તેની સામે નરમ લહેજા અને ધીમા અવાજમાં વાત કરો. બાપ એ પુત્રનું મૂળ છે અને પુત્ર એ પિતાની ડાળી અને શાખા છે. અગર બાપ ન હોત તો ખુદા ફરઝંદ અતા ન કરત. તેની માટે પોતાનો માલ, પોતાની ઈઝઝત, પોતાની જાન બધું કુરબાન કરી દો. તમારો માલ અને તમારી જાન તમારા પિતાનો છે, બધું તેમના હવાલે કરી દો. દુનિયામાં તેમની સાથે શ્રેષ્ઠ રીતે વર્તો અને તેના મૃત્યુ પછી તેના માટે દોઆ કરો અને ખુદાની બારગાહમાં તેની માટે રહેમતની દરખાસ્ત કરો.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૧, પા. ૭૬-૭૭)

ખુદાવંદે આલમે જ્યાં અવલાદને મા-બાપના બેપનાહ એહતેરામ અને નેક વર્તાવ કરવાનો હુકમ આપ્યો છે. ત્યાં મા-બાપને પણ એ પરવાનગી નથી આપી કે અવલાદને સતાવે અને ઝુલ્મ કરે. પુત્રના માલ ઉપર યકીનન મા-બાપનો હક છે પરંતુ એટલો પણ નહી કે પુત્રનો પોતાનો પોતાના માલ ઉપર કોઈ હક જ ન હોય. એક શખ્સે હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ને પૂછયુંઃ પિતા પોતાના પુત્રના માલમાંથી કેટલું લઈ શકે છે? જવાબ આપ્યોઃ

*'અગર જરૂરતમંદ હોય તો રોજના ખાવાનો ખર્ચ.'*

રાવીએ પુછયુંઃ રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસના વિષે આપ શું ફરમાવો છો? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ 'તમે અને તમારો બધો માલ તમારા પિતાનો છે.' ઈમામ (અ.સ.) જવાબમાં ફરમાવ્યુંઃ

*'એક શખ્સે રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પોતાના પિતાની ફરીયાદ કરી કે તેમણે મારી માતાના વારસાના બારામાં મારા ઉપર ઝુલ્મ કર્યો છે. ત્યારે પિતાએ કહ્યુંઃ અય અલ્લાહના રસુલ (સ.અ.વ.) મેં તે વારસો ખુદ તેના માટે અને મારા માટે સંગ્રહ કર્યો છે. તો તે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ 'તું અને તારૂં બધુ તારા પિતાનું છે.'*

*આ તે સમયની વાત છે જ્યારે બાપ પાસે પોતાનું કંઈજ ન હતું. શું તમે એમ વિચારો છો કે રસુલે ખુદા (સ.અ.વ.) પુત્ર માટે બાપને કૈદ કરી દે.'*

(કાફી, ભાગ-૫, પા. ૧૩૬)

## સેવાનો સિલસિલો જારી રહેવો જોઈએ:

મા-બાપ સાથે સારો વર્તાવ, તેમની સેવા અને એહતેરામનો સિલસિલો તેમની મૌત પછી પણ ચાલુ રહેવો જોઈએ. ફકત સેવાની રીત બદલાઈ જાય છે, સેવા ખતમ નથી થઈ જતી. ઝીંદગીમાં દવા, ઈલાજ, લીબાસ, ખાવાનું, સફર... વગેરે સેવાની રીતો છે કારણકે દુનિયાની જરૂરતો આ રીતની છે. મૌત પછી દુનિયાની મુશ્કીલોથી તો નજાત મળી જાય છે પરંતુ સવાબ અને નેક કાર્યોની જરૂરત વધી જાય છે. હવે સેવા સુરએ ફાતેહા, તેમની નિયાબતમાં કુરઆને કરીમની તિલાવત, ગરીબોની મદદ, ઝિયારત અને બીજા નેક કાર્યો, સય્યદુશ્શોહદાની મજલીસ, ઈસ્તીગ્ફાર, વગેરે, વગેરે થી થઈ શકે. હઝરત ઈમામ અલી બીન મુસા અરરેઝા (અ.સ.) ફરમાવે છે:

*'જે શખ્સ પોતાના મા-બાપની ઝીંદગીમાં નેક વર્તાવ કરે પરંતુ તેમની વફાત બાદ તેમના માટે દોઆ ન કરે તો 'કત્એ રહેમ કરનાર' ગણવામાં આવશે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૧, પા. ૭૭)

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે:

*'અગર કોઈ મા-બાપની ઝીંદગીમાં સારો વર્તાવ કરે અને તેમના મૃત્યુ બાદ તેમનો કર્ઝ અદા ન કરે અને તેઓ માટે ઈસ્તીગ્ફાર ન કરે તે વાલેદૈનથી આક થયેલો ગણાશે.'*

(અઝઝોહદ, પા. ૩૩)

આ પણ એક હકીકત છે કે જે શખ્સ પોતાના મા-બાપને તેમની વફાત બાદ દોઆ, ઈસ્તીગ્ફાર, તિલાવત અને ઝિયારતથી યાદ નથી કરતો તો તેના મૃત્યુ બાદ તેની ઔલાદ પણ તેને ભુલી જશે, જ્યારે

કે મૃત્યુ પછીની જરૂરતો ઝીંદગીની જરૂરતો કરતા ઘણી જ વધારે સખ્ત છે.

## સંબંધો કાપી નાખવાઃ

ઝમાનો કંઈક એવો આવી ગયો છે કે જ્યારે બાળક પોતે પગભર થઈ જાય છે અને ઘર અને ખાનદાન આબાદ કરી લે છે, તો પોતાના પ્રશ્નોમાં એટલી હદે ડુબી જાય છે કે મા-બાપને ભુલી જાય છે અને તેઓનું બરબાર ધ્યાન નથી રાખતા. મા-બાપનું નામ બાયોડેટાની બીજી અને ત્રીજી લાઈનની નિયત બનીને રહી જાય છે. ખુદાવંદે આલમે મા-બાપથી સંબંધો છોડી દેવાની મનાઈ કરી છે અને તેને વખોડયુ છે. જે લોકો પોતાના મા-બાપને તુચ્છતાની નજરથી જોવે છે, ખુદા ન ખ્વાસ્તા તેઓનું અપમાન કરે છે તો તેનું પરીણામ ખુબજ ખરાબ આવશે.

કુરઆને કરીમે એક નાલાયક અવલાદનું વર્ણન આ રીતે કર્યું છેઃ

*"અને જ્યારે મા-બાપે કયામતના દિવસના અકીદાની દઅવત આપી તો તેણે જવાબમાં કહ્યું 'ઉફ' આ તે લોકો છે જેના વિષે અઝાબનો વાયદો લાગું પડે છે. આની પહેલા ઈન્સાનો અને જીન્નાતોમાં એવા લોકો થઈ ગયા છે, આ લોકો યકીનન નુકશાન ઉઠાવનારાઓમાંથી છે."*

(સુરએ અહકાફ, આ. ૧૭-૧૮)

આ આયત ફકત કયામતનો ઈન્કાર કરનારાઓ વિષે નથી, બલ્કે તેની ધરી મા-બાપની તૌહીન અને તેમની સાથે બદતમીઝી છે. કુરઆને કરીમે સૂરએ બની ઈસ્રાઈલની ૨૩ મી આયતમાં સ્પષ્ટ રીતે બયાન કર્યું છે કેઃ

*''જુઓ બીલકુલ તેમની સામે ઉફ ન કહેજો અને તેઓની સાથે ખરાબ વર્તન અને બદતમીઝીથી ન વર્તો.''*

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મા-બાપ સાથે સખ્તી કરવાથી પરહેઝ કરો. જન્નતની ખુશ્બુ ૧૦૦૦ વર્ષના અંતરથી સુંઘી શકાય છે. પરંતુ જેને તેમના મા-બાપ આક કરી દે તે જન્નતની ખુશ્બુ પણ સુંઘી નહી શકે.'*

(કાફી, ભાગ-૨, પા. ૩૪૯)

એટલે જે વાલેદૈનનો આક થયેલો છે, તે ન ફકત જન્નતથી મહેરૂમ રહેશે, બલ્કે જન્નતની ખુશ્બુ પણ નહી સુંઘી શકે.

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

*'મા-બાપના આક થવાનો નીચામાં નીચો દરજ્જો 'ઉફ' કહેવું છે અને કોઈ વસ્તુ તેનાથી પણ ઓછી હોત તો ખુદાવંદે આલમ તેની પણ મનાઈ કરત.'*

(કાફી, ભાગ-૨, પા. ૩૪૯)

ઈમામ (અ.સ.) એ એમ પણ ઈરશાદ ફરમાવ્યું:

*'અગર કોઈના મા-બાપ તેના ઉપર ઝુલ્મ કરે અને તે પરિસ્થિતિમાં અગર તે પોતાના મા-બાપને ગુસ્સાની નઝરથી જોવે તો અલ્લાહ તેની નમાઝને કબુલ નહી કરે.'*

(કાફી, ભાગ-૨, પા. ૩૪૯)

આકે વાલેદૈનનો બદતરીન દરજ્જો તેઓનું કત્લ છે. હઝરત પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'ઉકુકે વાલેદૈનના દરજ્જાઓ એકબીજા કરતા ઉચ્ચ છે પરંતુ સૌથી ઉંચો દરજ્જો વાલેદૈનનું કત્લ છે.'*

ઉકુકે વાલેદૈન એટલે કે મા-બાપને તકલીફ આપવી, સતાવવું, સખ્તી કરવી, બન્નેના હક્કમાં અથવા તો એકના હકમાં નેક વર્તાવ ન કરવો, નેકીને તર્ક કરી દેવી વિગેરે. આક કરવા માટે મા-બાપનું ઝબાનથી બોલવું જરૂરી નથી પરંતુ અવલાદના વર્તનથી દીલને ઠેસ પહોંચવી પણ આક થવા માટે કાફી છે.

## મા-બાપને ઈઝા પહોંચાડવાની અસરોઃ

મા-બાપ સાથે ખરાબ વર્તનની અસરો ફકત કયામતમાં જાહેર નહી થાય બલ્કે આ દુનિયામાં પણ તેની અસરો દેખાશે. હદીસે કુદસીમાં ખુદાવંદે આલમનો ઈરશાદ છેઃ

*'મારી ઈઝઝત અને જલાલ તથા ઉચ્ચ શાનની કસમ! અગર આક થયેલા (લોકો) નબીઓ જેવી ઈબાદત કરે તો પણ તેને કબુલ નહી કરૂં.'*

(જામેઉસ્સઆદાત, ભાગ-૨, પા. ૨૭૧)

હઝરત ઈમામ અલી નકી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'આક થયેલાની વય ઓછી થઈ જાય છે. દુનિયા અને આખેરતમાં ઝિલ્લત નસીબ થાય છે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૧, પા. ૮૪)

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

*'મા-બાપને હેરાન કરવાની અસર એ છે કે દોઆઓ કબુલ નથી થતી. દુનિયા અંધકારમય બની જાય છે. (દીલ અને ઈમાનની દુનિયા અંધકારમય બની જાય છે. રૂહાનીય્યત ખત્મ થઈ જાય છે.)'*

(કાફી, ભાગ-૨, પા. ૪૪૮)

જે શખ્સ મા-બાપનું ધ્યાન નહીં રાખે, તેમને હેરાન કરશે, તકલીફ આપશે, તો તેની નમાઝો અને ઈબાદતો કબુલ થશે નહિં અને ન તો દોઆઓ કબુલ થશે અને દુનિયા તથા આખેરતમાં રૂસ્વાઈ અને ઝીલ્લત નસીબ થશે. ખુદા અને રસુલ (સ.અ.વ.) તેનાથી નારાઝ થશે. દુનિયા અને આખેરતમાં જન્નતથી વંચિત થઈ જશે. જ્યારે કે મા-બાપનો એહતેરામ અને તેમની સાથે નેક વર્તાવ દુનિયામાં સફળતા અને આખેરતમાં નજાત અને ઉચ્ચ દરજ્જાનું કારણ બને છે.

## મા-બાપ માટે અવલાદની દોઆ:

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبۡدِكَ وَ رَسُوۡلِكَ وَ اَهۡلِ بَيۡتِهِ الطَّاهِرِيۡنَ
وَاخۡصُصۡهُمۡ بِاَفۡضَلِ صَلَوَاتِكَ وَ رَحۡمَتِكَ وَ بَرَكَاتِكَ وَ سَلَامِكَ
وَاخۡصُصۡ اَللّٰهُمَّ وَالِدَىَّ بِالۡكَرَامَةِ لَدَيۡكَ وَ الصَّلَاةِ مِنۡكَ يَا اَرۡحَمَ
الرَّاحِمِيۡنَ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهِ وَ اَلۡهِمۡنِىۡ عِلۡمَ مَا يَجِبُ لَهُمَا عَلَىَّ
اِلۡهَامًا وَاجۡمَعۡ لِىۡ عِلۡمَ ذٰلِكَ كُلِّهِ تَمَامًا ثُمَّ اسۡتَعۡمِلۡنِىۡ بِمَا تُلۡهِمُنِىۡ مِنۡهُ وَ
وَفِّقۡنِىۡ لِلنُّفُوۡذِ فِيۡمَا تُبَصِّرُنِىۡ مِنۡ عِلۡمِهِ حَتّٰى لَا يَفُوۡتَنِىۡ اسۡتِعۡمَالُ شَىۡءٍ
عَلَّمۡتَنِيۡهِ وَلَا تَثۡقُلُ اَرۡكَانِىۡ عَنِ الۡحُفُوۡفِ فِيۡمَا اَلۡهَمۡتَنِيۡهِ اَللّٰهُمَّ صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّ اٰلِهِ كَمَا شَرَّفۡتَنَا بِهِ وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهِ كَمَا اَوۡجَبۡتَ لَنَا الۡحَقَّ
عَلَى الۡخَلۡقِ بِسَبَبِهِ اَللّٰهُمَّ اجۡعَلۡنِىۡ اَهَابُهُمَا هَيۡبَةَ السُّلۡطَانِ الۡعَسُوۡفِ وَ
اَبَرُّهُمَا بِرَّ الۡاُمِّ الرَّءُوۡفِ وَاجۡعَلۡ طَاعَتِىۡ لِوَالِدَىَّ وَ بِرِّىۡ بِهِمَا اَقَرَّ لِعَيۡنِىۡ

مِنْ رَقْدَةِ الْوَسْنَانِ وَ اَثْلَجَ لِصَدْرِيْ مِنْ شَرْبَةِ الظَّمْاٰنِ حَتّٰى اُوْثِرَ عَلٰى
هَوَايَ هَوَاهُمَا وَ اُقَدِّمَ عَلٰى رِضَايَ رِضَاهُمَا وَ اَسْتَكْثِرَ بِرَّهُمَا بِيْ وَ اِنْ
قَلَّ وَ اَسْتَقِلَّ بِرِّيْ بِهِمَا وَ اِنْ كَثُرَ اَللّٰهُمَّ خَفِّضْ لَهُمَا صَوْتِيْ وَ اَطِبْ
لَهُمَا كَلَامِيْ وَ اَلِنْ لَهُمَا عَرِيْكَتِيْ وَاعْطِفْ عَلَيْهِمَا قَلْبِيْ وَ صَيِّرْنِيْ بِهِمَا
رَفِيْقًا وَ عَلَيْهِمَا شَفِيْقًا اَللّٰهُمَّ اشْكُرْ لَهُمَا تَرْبِيَتِيْ وَ اَثِبْهُمَا عَلٰى
تَكْرِمَتِيْ وَاحْفَظْ لَهُمَا مَا حَفِظَاهُ مِنِّيْ فِيْ صِغَرِيْ اَللّٰهُمَّ وَ مَا مَسَّهُمَا
مِنِّيْ مِنْ اَذًى اَوْ خَلَصَ اِلَيْهِمَا عَنِّيْ مِنْ مَكْرُوْهٍ اَوْضَاعَ قِبَلِيْ لَهُمَا مِنْ
حَقٍّ فَاجْعَلْهُ حِطَّةً لِذُنُوْبِهِمَا وَعُلُوًّا فِيْ دَرَجَاتِهِمَا وَ زِيَادَةً فِيْ حَسَنَاتِهِمَا
يَا مُبَدِّلَ السَّيِّئَاتِ بِاَضْعَافِهَا مِنَ الْحَسَنَاتِ اَللّٰهُمَّ وَ مَا تَعَدَّيَا عَلَيَّ
فِيْهِ مِنْ قَوْلٍ اَوْ اَسْرَفَا عَلَيَّ فِيْهِ مِنْ فِعْلٍ اَوْ ضَيَّعَاهُ لِيْ مِنْ حَقٍّ اَوْ قَصَّرَا
بِيْ عَنْهُ مِنْ وَاجِبٍ فَقَدْ وَ هَبْتُهٗ وَ جُدْتُ بِهٖ عَلَيْهِمَا وَ رَغِبْتُ اِلَيْكَ فِيْ
وَضْعِ تَبِعَتِهٖ عَنْهُمَا فَاِنِّيْ لَآ اَتَّهِمُهُمَا عَلٰى نَفْسِيْ وَلَا اَسْتَبْطِئُهُمَا فِيْ بِرِّيْ
وَ لَآ اَكْرَهُ مَا تَوَلَّيَاهُ مِنْ اَمْرِيْ يَارَبِّ فَهُمَا اَوْجَبُ حَقًّا عَلَيَّ وَ اَقْدَمُ
اِحْسَانًا اِلَيَّ وَ اَعْظَمُ مِنَّةً لَدَيَّ مِنْ اَنْ اُقَاصَّهُمَا بِعَدْلٍ اَوْ اُجَازِيَهُمَا
عَلٰى مِثْلٍ اَيْنَ اِذًا يَآ اِلٰهِيْ طُوْلُ شُغْلِهِمَا بِتَرْبِيَتِيْ وَ اَيْنَ شِدَّةُ تَعَبِهِمَا فِيْ
حَرَاسَتِيْ وَ اَيْنَ اِقْتَارُهُمَا عَلٰى اَنْفُسِهِمَا لِلتَّوْسِعَةِ عَلَيَّ هَيْهَاتَ مَا
يَسْتَوْفِيَانِ مِنِّيْ حَقَّهُمَا وَ لَا اُدْرِكُ مَا يَجِبُ عَلَيَّ لَهُمَا وَ لَا اَنَا بِقَاضٍ

وَظِيْفَةَ خِدْمَتِهِمَا فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ اَعِنِّىْ يَا خَيْرَ مَنِ اسْتُعِيْنَ بِهٖ

وَ وَفِّقْنِىْ يَآ اَهْدٰى مَنْ رُغِبَ اِلَيْهِ وَلَا تَجْعَلْنِىْ فِىْٓ اَهْلِ الْعُقُوْقِ لِلْاٰبَآءِ وَ

الْاُمَّهَاتِ يَوْمَ تُجْزٰى كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ وَ هُمْ لَا يُظْلَمُوْنَ اَللّٰهُمَّ

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ ذُرِّيَّتِهٖ وَاخْصُصْ اَبَوَىَّ بِاَفْضَلِ مَا خَصَصْتَ بِهٖ

اٰبَآءَ عِبَادِكَ الْمُؤْمِنِيْنَ وَ اُمَّهَاتِهِمْ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ اَللّٰهُمَّ لَا تُنْسِنِىْ

ذِكْرَهُمَا فِىْ اَدْبَارِ صَلَوَاتِىْ وَ فِىْ اِنًا مِنْ اٰنَآءِ لَيْلِىْ وَ فِىْ كُلِّ سَاعَةٍ مِّنْ

سَاعَاتِ نَهَارِىْ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَاغْفِرْ لِىْ بِدُعَائِىْ لَهُمَا

وَاغْفِرْ لَهُمَا بِبِرِّهِمَا بِىْ مَغْفِرَةً حَتْمًا وَارْضَ عَنْهُمَا بِشَفَاعَتِىْ لَهُمَا رِضًى

عَزْمًا وَ بَلِّغْهُمَا بِالْكَرَامَةِ مَوَاطِنَ السَّلَامَةِ اَللّٰهُمَّ وَ اِنْ سَبَقَتْ

مَغْفِرَتُكَ لَهُمَا فَشَفِّعْهُمَا فِىَّ وَاِنْ سَبَقَتْ مَغْفِرَتُكَ لِىْ فَشَفِّعْنِىْ فِيْهِمَا

حَتّٰى نَجْتَمِعَ بِرَاْفَتِكَ فِىْ دَارِ كَرَامَتِكَ وَ مَحَلِّ مَغْفِرَتِكَ وَرَحْمَتِكَ اِنَّكَ

ذُوالْفَضْلِ الْعَظِيْمِ وَ الْمَنِّ الْقَدِيْمِ وَ اَنْتَ اَرْحَمُ الرَّاحِمِيْنَ.

*'અય અલ્લાહ તારા ખાસ બંદા અને રસુલ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાકો પાકીઝા એહલેબૈત (અ.મુ.સ.) ઉપર રહેમત નાઝીલ કર અને તેઓને બેહતરીન રહેમત, બરકત, દુરૂદ અને સલામતી સાથે ખાસ દરજ્જો આપ અને અય મઅબુદ મારા મા-બાપને પણ તારી નઝદીક ઈઝઝત, કરામત અને તારી રહેમતથી ખાસ કર. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર. અય અલ્લાહ! મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ*

ઉપર રહેમત નાઝીલ કર અને તેઓ (મા-બાપ)ના જે હક્કો મારા ઉપર વાજીબ છે, તેનું ઈલ્મ ઈલ્હામ દ્વારા મને અતા કર અને એ તમામ વાજીબાતનું ઈલ્મ કોઈપણ જાતના ઘટાડા વગર મને અતા કર. પછી જે ઈલ્હામ દ્વારા તું મને બતાવ તેના ઉપર મને અમલ કરનાર બનાવ અને તેના વિષે જે ઈલ્મી બસીરત તું મને અતા કર, તેના ઉપર મને પૈરવી કરવાની તૌફીક અતા કર. જેથી જે વાતોનું તે મને ઈલ્મ અતા કર્યું છે, તેમાંથી કોઈ બાબત અમલ કર્યા વગરની બાકી ન રહી જાય અને તે સેવા કે જે તે મને બતાવી છે તે કરવામાં મારા હાથ-પગ થાક ન અનુભવે. અય અલ્લાહ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝીલ ફરમાવ કારણ કે તે અમને તેઓની સાથેની નીસ્બતથી શરફ આપ્યો છે. મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝીલ કર કારણ કે તેઓના કારણે તે અમારો હક મખ્લુકો ઉપર કાયમ કર્યો છે. અય અલ્લાહ મને એવો બનાવી દે કે હું તેઓ બન્ને (મા-બાપ)થી એવી રીતે ડરૂં જેવી રીતે કોઈ જાબીર બાદશાહથી ડરવામાં આવે છે અને એવી રીતે તેઓના હાલ ઉપર લાગણીશીલ અને મહેરબાન રહું (જેવી રીતે પ્રેમાળ મા) પોતાની ઔલાદ ઉપર શફકત કરે છે. તેઓની ફરમાબરદારી કરવા અને તેમની સાથે સારો વર્તાવ કરવાને મારી નઝરમાં એટલું પ્રિય કરાર દે જેટલી ઉંઘ ભરેલી આંખોમાં નિંદની ખુમારી હોય છે અને મારા દીલ અને રૂહ માટે તેનાથી વધારે ખુશીવાળું કરાર દે જેટલું એક તરસ્યા માટે પાણીનું મળવું. જેથી હું મારી ઈચ્છાઓ ઉપર તેઓની ઈચ્છાઓને અગ્રીમતા આપું અને મારી ખુશી ઉપર તેઓની

ખુશીને અગ્રતા આપું અને તેઓનો થોડો એહસાન કે જે તેઓ મારી ઉપર કરે તેને વધારે સમજુ અને એ નેકી કે જે હું તેમની સાથે કરૂં તે વધારે હોય તો પણ તેને ઓછી સમજું. અય અલ્લાહ! મારા અવાજને તેઓની સામે નીચો, મારી વાતચીતને તેઓ માટે સુખદ, મારા સ્વભાવને તેઓ માટે નરમ અને મારા દીલને તેઓ માટે મહેરબાન બનાવી દે અને મને તેઓ સાથે નરમી અને શફકતથી વર્તનાર બનાવી  દે. અય અલ્લાહ તેઓને મારી પરવરીશનો નેક બદલો આપ અને મારી સારી સંભાળ લેવા બદલ તેઓને અજ્ર અને સવાબ અતા કર અને બચપણમાં મારી સંભાળ લેવાનો તું તેમને બદલો આપ. અય અલ્લાહ અગર તેઓને મારાથી કોઈ તકલીફ પહોંચી હોય અથવા મારા તરફથી કોઈ અયોગ્ય વર્તન થયું હોય અથવા તેઓનો કોઈ હક મારાથી પામાલ થયો હોય તો તેને તેઓના ગુનાહોનો કફફારો, દરજ્જાઓની બુલંદી અને નેકીઓમાં વધારાનું કારણ બનાવ. અય બુરાઈઓને અનેક ગણી નેકીઓમાં ફેરવી નાખનાર બારે ઈલાહા! અગર તેઓએ વાતચીતમાં મારી સાથે સખ્તી અથવા કોઈ કામમાં દબાણ કર્યું હોય અથવા મારા હકમાં કોઈ બાંધછોડ કરી હોય અથવા પોતાની જવાબદારીમાં કોતાહી કરી હોય તો હું તેઓને માફ કરૂં છું અને તેને નેકી અને એહસાનનો વસીલો કરાર આપું છું અને રબ તારાથી ઈચ્છા કરૂં છું કે તેની કાર્યવાહી તેઓથી ન કરતો. તેમાં હું તેઓથી મારા તરફથી કોઈ બદગુમાની નથી કરતો અને ન તરબીયતના સિલસિલામાં કોતાહી કરી હોય એવું સમજુ છું અને ન તેઓની સંભાળને નાપસંદ કરૂં છું. એટલા માટે કે તેમના હક્કો મારા ઉપર

લાઝીમ અને વાજીબ છે. તેઓના એહસાનો કદીમ છે અને તેઓની બક્ષીશો ખુબજ મહાન છે. તે તેનાથી ઉચ્ચ છે કે હું તેઓને બરાબરનો બદલો અથવા એવોજ બદલો આપી શકું. અગર એવું કરી શકું તો અય મારા મઅબુદ! તેઓનું બધો સમય મારી તરબીયતમાં વ્યસ્ત રહેવું, મારી સંભાળ લેવામાં તકલીફ અને થાક ઉપાડવો અને પોતાનું સખ્તી અને તંગીમાં રહીને મારી રાહત અને આરામ ઉપલબ્ધ કરવો કયાં જશે? એવું કયાં થઈ શકે કે તેઓ પોતાના હક્કોનો બદલો મારાથી મેળવી શકે? અને ન હું ખુદ તેઓના હક્કોથી મુકત થઈ શકુ છું અને ન તેઓની સેવાની ફરજ અંજામ આપી શકું છું. રહેમત નાઝીલ ફરમાવ મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની આલ ઉપર અને મારી મદદ કર અય બેહતર તેનાથી કે જેનાથી મદદ માંગવામાં આવે છે અને મને તવફીક આપ અય ખુબજ માર્ગદર્શન કરનાર, એ બધાથી કે જેઓ તરફ હિદાયત માટે રજુ થવામાં આવે છે અને મને તે દિવસે કે જ્યારે બધાને તેઓના આમાલનો બદલો આપવામાં આવશે અને કોઈ ઉપર ઝુલ્મ કરવામાં નહિ આવે. તે લોકોમાંથી કરાર ન દેતો જેઓ મા-બાપના આક થયેલા અને નાફરમાનમાંથી હોય. અય અલ્લાહ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝીલ ફરમાવ અને મારા મા-બાપને એનાથી વધીને ઉચ્ચતા આપ કે જે તે મોઅમીન બંદાઓમાં મા-બાપને તે અતા કરી હોય. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર. અય અલ્લાહ તેઓની યાદને નમાઝોની પછી રાતની પળે તથા દરેક સમયે ભુલવાડી ન દેતો. અય અલ્લાહ! મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની

*આલ ઉપર રહેમત નાઝીલ ફરમાવ અને મને તેઓના હકમાં દોઆ કરવાના કારણે મારી સાથે તેઓના નેકી કરવાના કારણે તેઓથી લાઝમી રીતે રાઝી અને ખુશ્નુદ થઈ જા અને તેઓને ઈઝઝત અને આબરૂની સાથે સલામતીની મંઝીલો સુધી પહોંચાડી દે. અય અલ્લાહ અગર તે તેઓને મારી પહેલા માફ કરી દીધા હોય, તો તું તેઓને મારા શફીઅ બનાવ અને અગર મને પહેલા માફ કરી દીધો હોય, તો મને તેઓનો શફીઅ બનાવ જેથી અમે બધા તારી મહેરબાની અને કરમના કારણે તારી બુઝુર્ગીના ઘર અને બખ્શીશ અને રહેમતની મંઝીલમાં એક સાથે ભેગા થઈ જઈએ. યકીનન તું ઘણો જ ફઝલવાળો, કદીમ એહસાનવાળો અને બધા રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર છે.'*

(સહીફે કામેલા દોઆ નં. ૨૪ નો તરજુમો જનાબ અલ્લામા મુફતી જઅફર હુસૈન સાહબ, અલ્લાહ તેઓના દરજ્જાને ઉચ્ચ કરે)

## અવલાદ:

પવિત્ર ધર્મ ઈસ્લામે જ્યાં મા-બાપના હક્કો બયાન કર્યા છે અને તેમની સાથે અત્યંત નેક વર્તાવનો હુકમ આપ્યો છે ત્યાં ઔલાદને પણ હક્કોથી વંચિત નથી રાખી.

અવલાદ અલ્લાહે અતા કરેલ નેઅમત છે અને અલ્લાહની અમાનત છે. મા-બાપ અવલાદની સલામતી, સ્વાસ્થ્ય, તઅલીમ અને તરબીયતના જવાબદાર છે. (સૂરએ તેહરીમ, આયત ૬, સૂરએ બકરહ, આયત ૨૩૩) શ્રેષ્ઠ તઅલીમ અને તરબીયત આપવા બદલ તેઓને નેક બદલો અને સવાબ પણ મળશે. (સૂરએ મરયમ, આયત ૫૫) અને અગર તેમાં કોતાહી કરી અને ખરાબ તરબીયત

કરી તો નુકશાન પણ તેઓએજ ભોગવવું પડશે. (સૂરએ શુરા, આયત ૪૫). એહલેબૈતે અત્હાર (અ.મુ.સ.)ની રિવાયતોમાં અવલાદના હક્કો વર્ણવવામાં આવ્યા છે.

૧) સહીહ નામ રાખે

૨) તેની માતાનો એહતેરામ કરવો

૩) કુરઆને કરીમની તઅલીમ આપવી

૪) ખત્ના કરવી

૫) તરતા શીખવવુ

૬) સહીહ અને યોગ્ય ખાવાનું પુરૂ પાડવુ

૭) મોહબ્બથી વર્તવું

૮) નેક કામોમાં તેઓની મદદ કરવી

૯) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતથી તેઓના દીલોને નૂરાની કરવું, વિગેરે

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'બાપ ઉપર પુત્રનો હક એ છે કે તેની માતાનો એહતેરામ કરે, સારૂ નામ રાખે, અગર છોકરો હોય, તો કુરઆનની તઅલીમ આપે, ખત્ના કરાવે, તરતા શીખવે અગર છોકરી હોય તો તેને સૂરએ નુરની તઅલીમ આપે, સૂરએ યુસુફની તઅલીમ ન આપે. ઘરના ઉપરના ઓરડાઓમાં તેઓની જગ્યા ન રાખે (એટલે કે તેણીઓની તઅલીમ અને કામનો માહોલ નામહેરમોથી દૂર રહે), તેણીના નિકાહ માટે ઉતાવળ કરે.'*

(કાફી, ભાગ-૬, પા. ૪૯)

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે:

*'તમારા પુત્રનો એ હક છે કે તે તમારાથી છે અને આ દુનિયામાં તેની સારપ અને બુરાઈ તમારાથી જોડાએલી છે.'*

(અલ ફકીયા, ભાગ-૨, પા. ૬૩૨)

## તંદુરસ્તી અને તરબીયત:

### જાતીય તરબીયત:

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

*'જુઓ જે ઓરડામાં બચ્ચાઓ હોય ત્યાં હમબીસ્તરી ન કરો, તેનાથી બાળકમાં જાતીય ગુમરાહી પૈદા થાય છે.'*

(કાફી, ભાગ-૫, પા. ૪૯૯)

### બીમારીઓથી રક્ષણ:

અવલાદનો એક હક એ પણ છે કે તેને બીમારીઓથી સુરક્ષીત રાખવામાં આવે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'હૈઝના સમયગાળામાં સંભોગ કરવો હરામ છે. અગર કોઈએ આવું કામ કર્યું તો અવલાદ રકતપિત અથવા કોઢમાં મુબ્તેલા રહેશે ત્યારે ફકત પોતાની ઝાતની મઝમ્મત અને મલામત કરજો. ગુસ્લે જનાબત કર્યા પહેલા અથવા એહતેલામ થવાની પરિસ્થિતિમાં ગુસ્લની પહેલા સંભોગ કરવાથી જે બાળક પૈદા થશે તે ગાંડુ થશે અને આવા સમયે પણ પોતાની ઝાતને દોષ આપજો.'*

(એલલુશ્શરાએ, પા. ૫૧૪)

એક રિવાયતમાં રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું:

*'અય અલી (અ.સ.)! કમરી મહીનાઓની ૧૫ મી રાત અને પહેલી રાતમાં સંભોગ કરવાથી પરહેઝ કરો. શું તમે નથી જોતા કે ગાંડાઓમાં પહેલી અને ૧૫ મી રાતમાં વધારે પાગલપન થાય છે.'*

(તોહફુલ ઓકુલ, પા. ૧૨, વસાએલ, ભાગ-૩૦, પા. ૧૩૧)

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

*'મહીનાની પહેલી રાત, પંદરમી રાત અને છેલ્લી રાતના સંભોગ ન કરો. જો કોઈએ આવું કર્યું, બાળકના સાકીત થઈ જવા માટે પોતે જવાબદાર છે અને તેના ગાંડા થવાની વધારે શકયતા છે.'*

(વસાએલ, ભાગ-૨૦, પા. ૧૨૯)

પરંતુ માહે મુબારકે રમઝાનની પહેલી રાતને તેનાથી અપવાદ કરાર દેવામાં આવી છે. એક રિવાયતમાં રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'સંભોગ દરમ્યાન વાત ન કરો તેનાથી બાળક મુંગુ પૈદા થશે.'*

(અલ ખેસાલ, પા. ૫૨૦)

**સફાઈ:**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'તમારા બચ્ચાઓને સાફ સ્વચ્છ રાખો, ગંદકીથી સુરક્ષીત રાખો. શયતાન ગંદકીને સુંઘે છે જેનાથી બાળક સપનામાં ડરે છે અને તે ફરીશતાઓને પણ તકલીફ પહોંચે છે જે તે બાળકની સાથે રહે છે.'*

(ઓયુને અખબારે રેઝા, ભાગ-૨, પા. ૧૬૯)

**સાતમાં દિવસે ખત્ના કરોઃ**

અવલાદના સ્વાસ્થ્ય માટે ખત્ના જરૂરી છે. એહલેબૈત (અ.મુ.સ.)ની રિવાયતોમાં છે કે સાતમાં દિવસે ખત્ના કરો જેથી બાળક પાક રહે.

(કાફી, ભાગ-૬, પા. ૩૫)

**રૂહાની તરબીયતઃ**

રૂહાની અને દીની તરબીયત માટે કહેવામાં આવ્યું છે કે બચ્ચાના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યુંઃ

*'જ્યારે બાળક પૈદા થાય તો તે છોકરો હોય કે છોકરી તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહો જેથી શયતાન તેને નુકશાન ન પહોંચાડી શકે.'*

(તોહફુલ ઓકુલ, પા. ૧૩)

અય અલી (અ.સ.)! જ્યારે સંભોગ કરો તો આ દોઆ પઢોઃ

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ جَنِّبْنَا الشَّيْطَانَ وَ جَنِّبِ الشَّيْطَانَ مَا رَزَقْتَنِي.

*'ખુદાયા! અમને પણ શયતાનથી સુરક્ષીત રાખ અને જે ઔલાદ તું અતા કરી રહ્યો છો તેને પણ શયતાનથી સુરક્ષીત રાખ.'*

જો ખુદા અવલાદ અતા કરશે તો તે શયતાનથી સુરક્ષીત રહેશે.

(તોહફુલ ઓકુલ, પા. ૧૨)

**ખોરાકઃ**

પવિત્ર ધર્મ ઈસ્લામે બાળકના ખોરાકનું ખાસ ધ્યાન રાખ્યું છે. ખાસ કરીને દુધ પીવડાવવાના સમયગાળામાં કુરઆને કરીમે હુકમ આપ્યો છે. માતાની એ જવાબદારી છે કે તે બે વર્ષ સુધી બાળકને દુધ પીવડાવે. ત્યાં સુધી કે અગર તલાક પણ થઈ ગયો હોય તો પણ માતાની એ જવાબદારી છે કે બાળકને દુધ પીવડાવે અને તે સમયગાળા દરમ્યાન માતાના ખર્ચાઓ, ખાધા-ખોરાકી અને વસ્ત્રોની જવાબદારી બાપ ઉપર રહેશે.

**દુધ પીવડાવવાનો સવાબઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'હામેલા ઔરત નમાઝી, રોઝેદાર અને જેહાદ કરનારની જેમ છે જે જાન અને માલથી અલ્લાહની રાહમાં જેહાદ કરી રહી છે અને જ્યારે તે બાળકને જન્મ આપે છે તો તેને એ અજ્ર અને સવાબ મળે છે, જેને કોઈ નથી જાણતું. જ્યારે તે પોતાના બાળકને દુધ પીવડાવે છે, તો જેટલી વખત દુધ પીવે છે તેટલી વખત હઝરત ઈસ્માઈલના વંશમાંથી એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે અને જ્યારે તે દુધ પીવડાવવાનું પુરૂ કરે છે અને તે સમયગાળો પુરો થઈ જાય છે તો એક ફરીશ્તો તેની બાજુમાં અવાજ આપે છે ખુદાએ તારા બધા ગુનાહો માફ કરી દીધા છે હવે નવેસરથી અમલ શરૂ કર.'*

(આમાલીએ સદુક, પા. ૪૧૧-૪૧૨)

**તઅલીમ અને તરબીયતઃ**

અવલાદની તઅલીમ અને તરબીયતમાં અમૂક મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

૧) દીનની તઅલીમ - કુરઆન, અકાએદ, અખ્લાક, ઈબાદતો, મોઅમેલાતના એહકામ.

૨) સામાજીક જવાબદારીઓ અને તેમાં જરૂરી આવડત.

૩) સુરક્ષાની જવાબદારીઓ

**કુરઆનની તઅલીમનો સવાબઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'જે શખ્સ પોતાની અવલાદને કુરઆને કરીમની તઅલીમ આપે તો તેના મા-બાપને કયામતના મયદાનમાં બોલાવવામાં આવશે. તેઓને નૂરના બે બેહતરીન અને કિંમતી લીબાસ આપવામાં આવશે જેના નૂરથી જન્નતવાસીઓના ચહેરા નૂરાની થઈ જશે.'*

(કાફી, ભાગ-૬, પા. ૪૯)

એક બીજી રિવાયતમાં રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'કયામતના મયદાનમાં કુરઆને કરીમ એક એવા શખ્સને રજુ કરશે જેનો રંગ ઉડી ગયેલો હશે. કુરઆને કરીમ અલ્લાહની બારગાહમાં અર્ઝ કરશે. ખુદાયા! આ તે શખ્સ છે જેને મે દિવસમાં ભુખ્યો અને રાત્રીમાં જાગૃત રાખ્યો, તારી રહેમતની ઉમ્મીદો તેના દીલમાં મજબુત કરી છે, તારી માફીની તમન્નાઓ તેના દીલમાં જગાડી છે. ખુદાયા મારી ઉમ્મીદ મુજબ તું તેની સાથે વર્તજે.*

*અલ્લાહ ફરમાવશેઃ તેના જમણા હાથમાં રાજ્ય અને ડાબા હાથમાં અબદીયત આપી દો. તેના મા-બાપને એવા ઘરેણાઓથી સુશોભીત કરો કે આખી દુનિયા પણ તેની કિંમતની બરાબર ન હોય. કયામતના દિવસે બધા લોકો તે મા-બાપને જોશે અને તેમની મહાનતાના ગુણગાન ગાશે. તેઓ પોતે પણ આ મહાનતા જોઈને આશ્ચર્ય પામશે અને ખુદાને પુછશેઃ ખુદાયા! આ મહાનતા કયાંથી આવી? ખુદા ફરમાવશેઃ તમે તમારા બચ્ચાઓને જે કુરઆને કરીમની તઅલીમ આપી હતી અને દીને ઈસ્લામથી માહિતગાર કર્યા હતા અને તેમને મોહમ્મદ (સ.અ.વ.) અને અલી (અ.સ.)ની મોહબ્બતથી સુસજ્જ કર્યા હતા. આ બધી તેની અસર છે.'*

(તફસીરે ઈમામ હસન અસ્કરી (અ.સ.), પા. ૪૫૦)

## તઅલીમ અને તરબીયતથી ગફલતનું પરિણામઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ અમૂક બાળકોને જોયા અને ફરમાવ્યુંઃ

*'મા-બાપનાં સંબંધે આખરી ઝમાનામાં બચ્ચાઓ માટે અઝાબ છે. લોકોએ પુછયુંઃ શું આ મુશ્રીક મા-બાપથી સંબંધીત છે? ફરમાવ્યુંઃ ના. મોઅમીન મા-બાપથી, જેઓ પોતાના બચ્ચાઓને દીનની તઅલીમ નહી આપે, બલ્કે તેઓને દીની તઅલીમથી મનાઈ કરશે. તેઓ દુનિયાના તુચ્છ ફાયદા માટે ખુશ થઈ જશે. હું તેઓથી બેઝાર છું અને તેઓ મારાથી બેઝાર છે.'*

(જામેઉલ અખબાર, પા. ૧૦૬)

**સામાજીક અને સુરક્ષાની તઅલીમઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*‘તમારા બાળકોને તરવાની અને તીરંદાઝીની તઅલીમ આપો.’*

(કાફી, ભાગ-૬, પા. ૪૭)

અને આમ પણ ફરમાવ્યુંઃ

*‘તમારા બાળકનો એહતેરામ કરો અને તેની સારી તરબીયત કરો જેથી તમારી મગ્ફેરત થઈ જાય.’*

(મકારેમુલ અખ્લાક, પા. ૨૨૨)

*‘અય અલી (અ.સ.)! બાપ ઉપર અવલાદનો એ હક છે કે તેને અદબ શીખવે અને તેને યોગ્ય સ્થાન આપે.’*

(અલ ફકીહ, ભાગ-૪, પા. ૩૭૨)

તેને દીની તઅલીમ શીખવો. સાચા અકીદાથી તેમના દીલને નૂરાની કરો. તેમને અદબ અને અખ્લાક શીખવો. સમાજમાં યોગ્ય અને મોભાદાર સ્થાન આપો અને એવી તરબીયત કરો કે ખુદા, રસુલ (સ.અ.વ.) અને એહલેબૈત (અ.મુ.સ.)ની ઈનાયતોનું કેન્દ્ર બની જાય.

**મોહબ્બતથી વર્તવુંઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*‘જે પોતાના ફરઝંદને ચાહે તો ખુદાવંદે આલમ તેને એક નેકી અતા કરશે.’*

(કાફી, ભાગ-૬, પા. ૪૯)

આ પણ ઈરશાદ ફરમાવ્યુંઃ

*'પોતાની અવલાદથી વધારે મોહબ્બત કરો, ખુદા દરેક મોહબ્બત ઉપર જન્નતમાં એક દરજ્જો અતા કરશે, જેનો વિસ્તાર ૫૦૦ વર્ષના અંતર જેટલો હશે.'*

(રવઝતુલ વાએઝીન, પા. ૨૬૯)

આજના ઝમાનામાં એ વાતનું ખુબજ વધારે મહત્વ છે, આજના સમયમાં ઘરોમાં મોહબ્બત ખત્મ થઈ ગઈ છે. પ્યાર અને દુલાર વિદાય થઈ ગયા છે. જેના કારણે સમાજ અને સોસાયટીમાં પણ એકબીજા સાથે મોહબ્બત ઓછી થતી જાય છે.

અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદનું બયાન છેઃ એક વખત ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યા આપ (સ.અ.વ.) એ તેમનો બોસો લીધો. પોતાનું મોઢું તેમના મોઢા ઉપર રાખ્યું અને ફરમાવ્યુંઃ

*'ખુદાયા! હું આમને ચાહું છું તું પણ તેમનાથી મોહબ્બત કર અને એ લોકોથી પણ મોહબ્બત કર જેઓ આમને ચાહે.'*

(કીફાયતુલ અસર, પા. ૮૧)

આ હદીસે શરીફ આ હકીકત તરફ ઈશારો કરી રહી છે કે અગર તમે ચાહતો હો કે રસુલે ખુદા (સ.અ.વ.)ની દોઆઓ તમને મળે અને અલ્લાહની મોહબ્બતનું કેન્દ્ર બનો તો પોતાની અવલાદને ઈમામ હુસૈન (અ.સ.)ની મોહબ્બતથી માલામાલ કરી દો અને એક અઝાદારે હુસૈન તૈયાર કરો.

### મોહબ્બત ન કરવાનું પરિણામઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)નો બોસો લઈ રહ્યા હતા. અકરઅ બીન

હાબીસ નામનો એક શખ્સ ત્યાં બેઠો હતો. તેણે કહ્યું: મારા દસ દીકરા છે, મેં એકનો પણ બોસો નથી લીધો. આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જે રહેમ નથી કરતો તેના ઉપર રહેમ નહી કરવામાં આવે.'*

અમૂક રિવાયતો મુજબ આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એટલી હદે નારાજ થયા કે ગુસ્સાના ચિહ્નો આપના ચહેરા ઉપર જાહેર થઈ ગયા અને કહેવા લાગ્યા: અગર અલ્લાહે તારા દીલમાંથી મોહબ્બત છીનવી લીધી છે તો કોઈ શું કરે!!

જે શખ્સ બાળકો ઉપર રહેમ ન કરે અને બુઝુર્ગોનો એહતેરામ ન કરે તે અમારાથી નથી (એટલે તે મુસલમાન નથી).

(બેહાર, ૪૩/૨૮૨-૨૮૩)

**અવલાદનો એહતેરામ:**

ઈઝઝત અને એહતેરામથી વર્તવાથી અવલાદમાં વકાર અને પરિપકવતા આવશે. ખરાબ બાબતોથી દૂર રહેવાની રીત આવડી જાય છે. અવલાદનો એહતેરામ કરો. જેથી તેઓ પોતાના નફસના એહતેરામને સુરક્ષીત રાખે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'પોતાની અવલાદનો એહતેરામ કરો, તેમને ઈઝઝત અને વકાર અતા કરો, શ્રેષ્ઠ અદબ શીખવો જેથી તમારી બક્ષીશ થઈ જાય.'*

(મકારેમુલ અખ્લાક, પા. ૨૨૨)

**સહીહ નામ રાખવું:**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'સૌથી પહેલો તોહફો જે બાપ પોતાના ફરઝંદને આપે છે તે શ્રેષ્ઠ નામ છે. પોતાની અવલાદના સારા નામ રાખો.'*

(અઝવાદો, પા. ૬)

આમ પણ ફરમાવ્યું છે:

*'જ્યારે પોતાના ફરઝંદનું નામ 'મોહમ્મદ' રાખો તો તેનો એહતેરામ કરો, બેઠકોમાં તેના માટે જગ્યા બનાવો અને તેમની સાથે ગુસ્સાથી ન વર્તો.'*

(ઓયુને અખબારે રેઝા, ભાગ-૨, પા. ૨૯)

**પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નું નામ રાખો:**

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'જે સુફરા ઉપર મોહમ્મદ અને એહમદ નામના લોકો હોય છે તે ઘરનો દિવસ દરમ્યાન બે વાર એહતેરામ કરવામાં આવે છે.'*

(ઓયુને અખબારે રેઝા, ભાગ-૨, પા. ૨૯)

**શાદી:**

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

*'અવલાદના બાપ ઉપર ત્રણ હક્કો છે. તેમાંથી એક હક એ છે કે જ્યારે બાલીગ થઈ જાય તો તેના શાદી કરાવી આપે.'*

(રવઝતુલ વાએઝીન, પા. ૩૬૯)

**અવલાદને સહકારઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'ખુદા તેના ઉપર રહેમ કરે જે નેકીમાં પોતાના ફરઝંદની મદદ કરે.'*

લોકોએ પુછયુંઃ કઈ રીતની મદદ કરે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'જે તે કરી શકે તેને કબુલ કરી લે અને જે તે ન કરી શકે તેને માફ કરી દે.'*

(અસ્સરાએર, ભાગ-૩, પા. ૫૯૫)

**સમાનતાનું વર્તનઃ**

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'હદીયાઓ અને તોહફાઓ આપવામાં તમારી અવલાદની વચ્ચે સમાનતાનો વર્તાવ કરો.'*

(અખ્લાકે તુસી, ભાગ-૩, પા. ૫૬૪)

આપ (સ.અ.વ.) એ એક શખ્સને જોયો જેના બે દીકરાઓ હતા. તેણે ફકત એકનો બોસો લીધો. આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'તે બરાબરી (સમાન)નો વર્તાવ કેમ ન કર્યો?'*

આપ (સ.અ.વ.) ફરમાવે છેઃ

*'તમારા ફરઝંદોની વચ્ચે ન્યાયસર વર્તો. જેવી રીતે તમે ઈચ્છો છો કે તમારી સાથે ન્યાયપૂર્વક વર્તાવ કરવામાં આવે.'*

(મકારેમુલ અખ્લાક, પા. ૨૨૦)

**દીકરીઓને અગ્રીમતા આપોઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*‘જે શખ્સ બજારમાંથી પોતાના ઘરવાળાઓ માટે તોહફાઓ ખરીદી લાવે તો તે શખ્સ એવો છે જાણે કે તે જરૂરતમંદો માટે સદકો લઈ જઈ રહ્યો હોય. હાં તોહફા આપવામાં દીકરીઓને દીકરાઓ ઉપર અગ્રીમતા આપો. જેણે પોતાની દીકરીને ખુશ કરી તેણે હઝરત ઈસ્માઈલ (અ.સ.)ની વંશમાંથી એક ગુલામ આઝાદ કર્યો.’*

(આમાલીએ સદુક, પા. ૫૭૭)

આમ પણ ફરમાવ્યુંઃ

*‘તોહફાઓ આપવામાં પોતાની અવલાદની વચ્ચે સમાનતા રાખો અને અગર વધારે આપવા માંગો છો તો દીકરીઓને આપો.’*

(અખ્લાકે તુસી, ભાગ-૩, પા. ૫૬૩)

તે લોકો જેઓ અલ્લાહ, રસુલ (સ.અ.વ.) અને એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયતમાં માનવાવાળા છે, જેઓ દુનિયા અને આખેરતમાં એહલેબૈત (અ.મુ.સ.)ની ખુશ્નુદી હાસીલ કરવા માંગતા હોય તેની જવાબદારી છે કે ઉપરોકત વાતોને ધ્યાનમાં રાખીને પોતાની અવલાદની શ્રેષ્ઠ તરબીયત કરે અને એવી રીતે તરબીયત કરે કે કાલે ઝુહુરના સમયે આ અવલાદ હઝરત ઈમામે ઝમાના (અ.સ.)ના શ્રેષ્ઠ મદદગારો અને અન્સાર તથા મુખ્લીસ ગુલામોમાં ગણાય. આમીન.

## મા-બાપની અવલાદ માટે દોઆ:

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ.

اَللّٰهُمَّ وَ مُنَّ عَلَيَّ بِبَقَآءِ وُلۡدِيۡ وَ بِاِصۡلَاحِهِمۡ لِيۡ وَ بِاِمۡتَاعِيۡ بِهِمۡ اِلٰهِيۡ اُمۡدُدۡلِيۡ فِيۡ اَعۡمَارِهِمۡ وَزِدۡلِيۡ فِيۡ اٰجَالِهِمۡ وَ رَبِّ لِيۡ صَغِيۡرَهُمۡ وَ قَوِّلِيۡ ضَعِيۡفَهُمۡ وَ اَصِحَّ لِيۡ اَبۡدَانَهُمۡ وَ اَدۡيَانَهُمۡ وَ اَخۡلَاقَهُمۡ وَ عَافِهِمۡ فِيۡ اَنۡفُسِهِمۡ وَ فِيۡ جَوَارِحِهِمۡ وَ فِيۡ كُلِّ مَا عُنِيۡتُ بِهٖ مِنۡ اَمۡرِهِمۡ وَ اَدۡرِرۡلِيۡ وَ عَلٰى يَدِيۡ اَرۡزَاقَهُمۡ وَاجۡعَلۡهُمۡ اَبۡرَارًا اَتۡقِيَآءَ بُصَرَآءَ سَامِعِيۡنَ مُطِيۡعِيۡنَ لَكَ وَلِاَوۡلِيَآئِكَ مُحِبِّيۡنَ مُنَاصِحِيۡنَ وَ لِجَمِيۡعِ اَعۡدَآئِكَ مُعَانِدِيۡنَ وَ مُبۡغِضِيۡنَ اٰمِيۡنَ اَللّٰهُمَّ اشۡدُدۡ بِهِمۡ عَضُدِيۡ وَ اَقِمۡ بِهِمۡ اَوَدِيۡ وَ كَثِّرۡ بِهِمۡ عَدَدِيۡ وَ زَيِّنۡ بِهِمۡ مَحۡضَرِيۡ وَ اَحۡيِ بِهِمۡ ذِكۡرِيۡ وَاكۡفِنِيۡ بِهِمۡ فِيۡ غَيۡبَتِيۡ وَ اَعِنِّيۡ بِهِمۡ عَلٰى حَاجَتِيۡ وَاجۡعَلۡهُمۡ لِيۡ مُحِبِّيۡنَ وَ عَلَيَّ حَدِبِيۡنَ مُقۡبِلِيۡنَ مُسۡتَقِيۡمِيۡنَ لِيۡ مُطِيۡعِيۡنَ غَيۡرَ عَاصِيۡنَ وَ لَا عَاقِّيۡنَ وَ لَا مُخَالِفِيۡنَ وَ لَا خَاطِئِيۡنَ وَ اَعِنِّيۡ عَلٰى تَرۡبِيَتِهِمۡ وَتَاۡدِيۡبِهِمۡ وَ بِرِّهِمۡ وَ هَبۡ لِيۡ مِنۡ لَدُنۡكَ مَعَهُمۡ اَوۡلَادًا ذُكُوۡرًا وَاجۡعَلۡ ذٰلِكَ خَيۡرًا لِيۡ وَاجۡعَلۡهُمۡ لِيۡ عَوۡنًا عَلٰى مَا سَاَلۡتُكَ وَ اَعِذۡنِيۡ وَ ذُرِّيَّتِيۡ مِنَ الشَّيۡطَانِ الرَّجِيۡمِ فَاِنَّكَ خَلَقۡتَنَا وَ اَمَرۡتَنَا وَ نَهَيۡتَنَا وَ رَغَّبۡتَنَا فِيۡ ثَوَابِ مَا اَمَرۡتَنَا وَ رَهَّبۡتَنَا عِقَابَهٗ وَجَعَلۡتَ لَنَا عَدُوًّا يَكِيۡدُنَا سَلَّطۡتَهٗ مِنَّا عَلٰى مَا لَمۡ تُسَلِّطۡنَا عَلَيۡهِ مِنۡهُ اَسۡكَنۡتَهٗ صُدُوۡرَنَا وَ اَجۡرَيۡتَهٗ مَجَارِيَ دِمَآئِنَا لَا يَغۡفُلُ اِنۡ غَفَلۡنَا وَ لَا يَنۡسٰى اِنۡ نَسِيۡنَا يُؤۡمِنُنَا عِقَابَكَ وَ يُخَوِّفُنَا بِغَيۡرِكَ

اِنْ هَمَمْنَا بِفَاحِشَةٍ شَجَّعَنَا عَلَيْهَا وَ اِنْ هَمَمْنَا بِعَمَلٍ صَالِحٍ ثَبَّطَنَا عَنْهُ
يَتَعَرَّضُ لَنَا بِالشَّهَوَاتِ وَ يَنْصِبُ لَنَا بِالشُّبُهَاتِ اِنْ وَعَدَنَا كَذَبَنَا وَ اِنْ
مَنَّانَا اَخْلَفَنَا وَ اِلاَّ تَصْرِفْ عَنَّا كَيْدَهُ يُضِلَّنَا وَ اِلاَّ تَقِنَا خَبَالَهُ يَسْتَزِلَّنَا
اَللّٰهُمَّ فَاقْهَرْ سُلْطَانَهُ عَنَّا بِسُلْطَانِكَ حَتّٰى تَحْبِسَهُ عَنَّا بِكَثْرَةِ الدُّعَآءِ لَكَ
فَنُصْبِحَ مِنْ كَيْدِهٖ فِي الْمَعْصُوْمِيْنَ بِكَ اَللّٰهُمَّ اَعْطِنِيْ كُلَّ سُؤْلِيْ وَاقْضِ لِيْ
حَوَآئِجِيْ وَ لَا تَمْنَعْنِيَ الْاِجَابَةَ وَ قَدْ ضَمِنْتَهَا لِيْ وَ لَا تَحْجُبْ دُعَآئِيْ عَنْكَ وَ قَدْ
اَمَرْتَنِيْ بِهٖ وَامْنُنْ عَلَيَّ بِكُلِّ مَا يُصْلِحُنِيْ فِيْ دُنْيَايَ وَ اٰخِرَتِيْ مَا ذَكَرْتُ مِنْهُ
وَ مَا نَسِيْتُ اَوْ اَظْهَرْتُ اَوْ اَخْفَيْتُ اَوْ اَعْلَنْتُ اَوْ اَسْرَرْتُ وَاجْعَلْنِيْ فِيْ
جَمِيْعِ ذٰلِكَ مِنَ الْمُصْلِحِيْنَ بِسُؤَالِيْ اِيَّاكَ الْمُنْجِحِيْنَ بِالطَّلَبِ اِلَيْكَ غَيْرِ
الْمَمْنُوْعِيْنَ بِالتَّوَكُّلِ عَلَيْكَ الْمُعَوَّدِيْنَ بِالتَّعَوُّذِ بِكَ الرَّابِحِيْنَ فِي التِّجَارَةِ
عَلَيْكَ الْمُجَارِيْنَ بِعِزِّكَ الْمُوَسَّعِ عَلَيْهِمُ الرِّزْقُ الْحَلَالُ مِنْ فَضْلِكَ الْوَاسِعِ
بِجُوْدِكَ وَ كَرَمِكَ الْمُعَزِّيْنَ مِنَ الذُّلِّ بِكَ وَ الْمُجَارِيْنَ مِنَ الظُّلْمِ بِعَدْلِكَ وَ
الْمُعَافَيْنَ مِنَ الْبَلَآءِ بِرَحْمَتِكَ وَ الْمُغْنَيْنَ مِنَ الْفَقْرِ بِغِنَاكَ وَ
الْمَعْصُوْمِيْنَ مِنَ الذُّنُوْبِ وَ الزَّلَلِ وَ الْخَطَآءِ بِتَقْوَاكَ وَ الْمُوَفَّقِيْنَ لِلْخَيْرِ وَ
الرُّشْدِ وَ الصَّوَابِ بِطَاعَتِكَ وَ الْمُحَالِ بَيْنَهُمْ وَ بَيْنَ الذُّنُوْبِ بِقُدْرَتِكَ
التَّارِكِيْنَ لِكُلِّ مَعْصِيَتِكَ السَّاكِنِيْنَ فِيْ جِوَارِكَ اَللّٰهُمَّ اَعْطِنَا جَمِيْعَ
ذٰلِكَ بِتَوْفِيْقِكَ وَ رَحْمَتِكَ وَ اَعِذْنَا مِنْ عَذَابِ السَّعِيْرِ وَ اَعْطِ جَمِيْعَ
الْمُسْلِمِيْنَ وَ الْمُسْلِمَاتِ وَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ مِثْلَ الَّذِيْ سَاَلْتُكَ

لِنَفْسِىْ وَلِوُلْدِىْ فِىْ عَاجِلِ الدُّنْيَا وَاٰجِلِ الْاٰخِرَةِ اِنَّكَ قَرِيْبٌ مُّجِيْبٌ سَمِيْعٌ عَلِيْمٌ عَفُوٌّ غَفُوْرٌ رَؤُفٌ رَّحِيْمٌ وَاٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَفِى الْاٰخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَابَ النَّارِ.

*'અય મઅબુદ! મારી અવલાદની બકા, મારા માટે તેમની સુધારણા અને મને તેમનાથી ફાયદો પહોંચાડીને મારા ઉપર એહસાન કર અને મારા સહારા માટે તેમની વયમાં બરકત અને જીવનને લાંબુ કરી દે અને તેઓમાંથી નાનાઓની પરવરીશ કર, કમઝોરોને શકિતશાળી બનાવ અને તેઓની શારીરિક, ઈમાની અને અખ્લાકી હાલતને સુધારી દે અને તેઓના શરીર, જાન અને તેઓના બીજા કાર્યો જેમાં મારે વ્યવસ્થા કરવી પડે તેઓને સલામતીવાળા બનાવ, અને મારા માટે અને મારા દ્વારા તેઓ માટે વિશાળ રીઝક જારી કર અને તેઓને નેક, પરહેઝગાર, રોશન દીલ, હકને ઓળખનાર અને તારા ફરમાંબરદાર અને તારા દોસ્તોનો દોસ્ત અને તેમનું ભલું ચાહનાર અને તારા બધા દુશ્મનોનો દુશ્મન અને તેઓનું ખરાબ ઈચ્છવનાર બનાવ. આમીન. અય અલ્લાહ તેમના દ્વારા મારા બાઝુઓને તાકતવર અને તેમના વડે મારી પરેશાન હાલતની સુધારણ કરી દે અને તેમના વડે મારી સંખ્યાને વધારી દે. તેમના વડે મારી બેઠકની રોનક બમણી કરી દે અને તેમના વડે મારૂં નામ જીવંત રાખ અને મારી ગેરહાજરીમાં તેમને મારા કાયમ મકામ કરાર દે. તેમના વસીલાથી મારી હાજતોમાં મારી મદદ કર અને તેમને મારા માટે દોસ્ત, મહેરબાન અને તન અને મનથી મોતવજ્જેહ, સાબીત કદમ અને*

ફરમાંબરદાર બનાવ. તેઓ નાફરમાન, સરકશ, વિરોધી અને ખતાકાર ન હોય અને તેમની તરબીયત અને કેળવણીમાં અને તેમની સાથે સારો વર્તાવ કરવામાં તું મારી મદદ કર. તેમના સિવાય પણ મને તારા રહેમતના ખઝાનામાંથી નેક અવલાદ અતા કર અને તેઓને એ વસ્તુઓમાં કે જેનો હું જરૂરતમંદ છું, મારો મદદગાર બનાવ. મને અને મારા વંશને શયતાન મરદુદથી પનાહ આપ, એટલા માટે કે તે અમને પૈદા કર્યા અને નેકીનો હુકમ આપ્યો અને બદીથી રોકયા અને જે હુકમ આપ્યો તેના સવાબ તરફ રગબત આપી અને જેનાથી રોકયા તેના અઝાબથી ડરાવ્યા અને અમારો એક દુશ્મન બનાવ્યો, જે અમને ફરેબ આપે છે અને જેટલો તે એને અમારી વસ્તુઓ ઉપર કાબુ આપ્યો એટલો અમને તેની કોઈ વસ્તુ ઉપર કાબુ નથી આપ્યો, એ રીતે કે તેને અમારા છાતીમાં ઠહેરાવ્યો અને તેને અમારી રગોમાં દોડાવ્યો. અમે ગાફીલ થઈ જઈએ છીએ પરંતુ તે ગાફીલ નથી થતો. અમે ભુલી જઈએ છીએ પરંતુ તે નથી ભુલતો. તે અમને તારા અઝાબથી બેફીકર કરી દે છે અને તારી સિવાય બીજાઓથી ડરાવે છે. અગર અમે કોઈ બુરાઈનો ઈરાદો કરીએ છીએ તો તે અમારા હિમ્મતમાં વધારે કરે છે અને કોઈ નેક કામનો ઈરાદો કરીએ છીએ તો અમને તેનાથી અટકાવે છે અને ગુનાહોની દઅવત આપે છે અને અમારી સામે શંકાઓ ઉભી કરી દે છે. અગર વાયદો કરે છે, તો ખોટો અને ઉમ્મીદ દેવડાવે છે તો તેનું પાલન નથી કરતો. અગર તે તેના મક્રને ન હટાવ્યો તો તે અમને ગુમરાહ કરીને જ છોડશે. અને તેના ફિત્નાઓથી ન બચાવ્યા તો તે અમને ડગમગાવી દેશે.

ખુદાયા! તેના કાબુને તારી શકિત વડે અમારાથી દૂર કરી દે જેથી વધારે દોઆના વસીલાથી તેને અમારા રસ્તાથી જ હટાવી દે. અમે તેની મક્કારીઓથી સુરક્ષિત થઈ જઈએ. અય અલ્લાહ! મારી દરેક માંગણીઓને કબુલ કરી લે અને મારી હાજતો પુરી કરી દે. જ્યારે કે તે દોઆ કબુલ કરવાની જવાબદારી લીધી છે, તો મારી દોઆને રદ ન કર. કારણકે તે મને દોઆનો હુકમ આપ્યો છે તો તું મારી દોઆને પોતાની બારગાહમાં આવતા રોકી ન દે અને જે ચીજોમાં મારા દીન અને દુનિયાના ફાયદાઓ રહેલા છે તેને સંપૂર્ણ કરીને મારી ઉપર અહેસાન કર અને જે યાદ હોય અથવા ભુલી ગયો હોવ, જાહેર કર્યો હોય કે છુપો રહેવા દીધો હોય, જાહેરમાં માંગ્યુ હોય કે એકાંતમાં, તે બધાજ સંજોગોમાં એ કારણે કે તારાથી સવાલ કર્યો છે અને તું જ એની સુધારણા કરનાર છો એટલા માટે કે તારાથી માંગ્યું છે તેથી સફળ થનારાઓમાં અને એટલા માટે કે તારા ઉપર ભરોસો કર્યો છે, એટલા માટે રદ થનારાઓમાંથી કરાર ન દે, અને એ લોકોમાં મારો શુમાર કર જે તારા દામનમાં પનાહ લેનારા છે અને તારાથી વેપારમાં ફાયદો ઉઠાવનારા છે અને તારા ઈઝઝતદાર દામનમાં પનાહ લેનારા છે. જેઓએ તારા હંમેશાના ફઝલ, દયા અને કરમથી રીઝકે હલાલમાં વધારો મેળવ્યો છે, અને તારા કારણે ઝિલ્લતમાંથી ઈઝઝત સુધી પહોંચ્યા છે અને તારા અદ્લો ઈન્સાફના દામનમાં ઝુલ્મથી પનાહ લીધી છે અને તારી રહેમતના કારણે બલા અને મુસીબતથી સુરક્ષિત છે અને તારી બેનિયાઝીના કારણે ફકીરમાંથી માલદાર બન્યા છે અને તારા તકવાના કારણે ગુનાહો, ખતાઓ અને

નાફરમાનીઓથી દૂર છે અને તારી ઈતાઅતના કારણે ભલાઈ, હિદાયત અને સવાબની તવફીક તેમને મળી છે અને તારી કુદરતથી તેઓની અને ગુનાહોની વચ્ચે પર્દા પડેલા છે અને જેઓ બધા ગુનાહોથી દૂર છે અને તારી રહેમતની જગ્યામાં સ્થાન પામેલા છે. બારે ઈલાહા! તારી રહેમતની તવફીકથી આ બધી વસ્તુઓ અમને અતા કર અને દોઝખથી તકલીફથી પનાહ આપ અને જે વસ્તુનો મેં મારા માટે અને મારી અવલાદ માટે સવાલ કર્યો છે તે બધીજ વસ્તુઓ બધાજ મુસલમાન મર્દ અને ઔરત, મોઅમીન મર્દ અને ઔરતને દુનિયા અને આખેરતમાં અતા કર, એટલા માટે કે તું નઝદીક અને દોઆઓનો કબુલ કરનાર છો, સાંભળનાર અને જાણનાર છો. માફ કરનાર અને બક્ષનાર છો, શફીક અને મહેરબાન છો. અમને દુનિયામાં નેકી (ઈબાદતની તવફીક) અને આખેરતમાં નેકી (હંમેશાની જન્નત) અતા કર અને દોઝખના અઝાબથી બચાવી રાખ.